ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૧ ટકા

# શહેરમાં પાંચમા અને સાતમા દિવસે ઘરે-ઘરે ગણપતિ વિસર્જન

ગાંધીનગર, તા.૨૭

ગણેશચતુર્થીના દિવસથી જ શહેરના ઘરે ઘરે બાપાનું આગમન થઈ ગયું હતું અને સામૂહિક કાર્યક્રમો આ વર્ષો યોજાનાર નથી ત્યારે દર વર્ષ કરતા આ વર્ષો લગભગ ૮૦ ટકાથી વધુ નગરજનોએ પોતપોતાના ઘરે ગણપતિજીની સ્થાપના કરી હતી. આમ તો એકી સંખ્યામાં ગણપતિજીને ઘરે બેસાડી શકાય એટલે અમુક નગરજનોએ આ એક વર્ષ બાપાની સ્થાપના કરી. દર વર્ષે સ્થાપના કરતા નગરજનો સિવાયના તમામ નગરજનોએ વધુ પ્રમાણમાં ગણપતિજીની સ્થાપના કરી છે.

એક, ત્રણ, પાંચ, સાત અને દસ દિવસ સુધી બાપાની સ્થાપના કરી વિસર્જન કરી શકાય છે ત્યારે વધુ પ્રમાણમાં ત્રણ, પાંચ અને સાત દિવસના ગણપતિજીની સ્થાપના નગરજનોએ કરી છે.

આ વર્ષે વિસર્જન કુંડ બનાવ્યા ન હોવાથી તમામ નગરજનો ઈકો ફ્રેન્ડલી મૂર્તિ તરફ વળ્યા છે અને મોટા ભાગના નગરજનોએ તો ગણપતિબાપાની માટીની મૂર્તિ ઘરમાં જ બનાવી છે. આમ પણ આ વર્ષે ઘરની બહાર જઈ શકાય તેમ ન હતું અને છોકરાઓને પણ ઘરે મૂર્તિ બનાવવાનો ઉત્સાહ હતો તેવું નગરના ઉષાબેનનું કહેવું છે. આ રીતે અનેક નગરજનોએ બાળકોના કલેથી પણ બાપાની મૂર્તિ બનાવી છે સાથે સાથે ખેસ તથા મુગટ પણ ઘરે જાતે જ બનાવ્યા હતા. મોટા ભાગના નગરજનોએ પાંચમા અને સાતમા દિવસે બાપાનું વિસર્જન કર્યું છે ઘરે ઘરે એક ટબમાં બાપાની મૂર્તિનું સરળતાથી વિસર્જન કરવામાં આવ્યું ઉપરાંત આ વર્ષે કોઈ જ મૂર્તિને પધરાવવા જતા ડૂબી જવાના કિસ્સા પણ નહીં બને નગરજનોએ આ વર્ષે પૂરા ભક્તિભાવથી ગણપતિ બાપાનીસેવા પૂજા કર્યા છે. અને આ વર્ષે કદાચ કોરોનાને કારણે દરેક પાસે સમય પણ વધુ હતો આ સાથે નગરના અનેક પરિવારોએ પ્રસાદ પણ ઘરે જ બનાવ્યા હતા.

વળી, આ સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી અનેક ઘરોમાં ગણપતિ બાપાન પૂજા આરતી અને વિસર્જન કરાયા છે.




# આઈઆઈટીઈ તથા સંલગ્ન બી.એડ. કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાનો આજથી આરંભ

ગાંધીનગર, તા.૨૭

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ), ગાંધીનગર તથા તેને સંલગ્ન સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજો તથા ડાયેટ (જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો)માં ચાલતા વિવિધ અભ્યસક્રમોમાં પ્રવેશની પ્રક્રિયા તારીખ ૨૮ ઓગસ્ટથી શરૂ થઈ રહી છે. તારીખ ૨ ઓગસ્ટના રોજ લેવાયેલ આઈઆઈટીઈ તથા સંલગ્ન સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજો તથા ડાયેટ માટેની પ્રવેશ પરીક્ષા આઈથ્રીટીના પરિણામ અને મેરીટના આધારે વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા તારીખ ૨૮ ઓગસ્ટથી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી ચાલશે.

આઈઆઈટીઈના ડીન અને પ્રવેશ સમિતિના કન્વીનર ડૉ. કલ્પેશ પાઠકે જણાવ્યું કે, 'આઈઆઈટીઈ તેમજ સંલગ્ન સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજો તથા ડાયેટ (જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો) ખાતે ચાલતા વિવિધ અભ્યાસક્રમો જેવા કે બી.એસ.સી-બી.એડ., બી.એ.-બી.એડ., એમ.એસ.સી-એમ.એડ./એમ.એ-એમ.એડ., એમ.એડ., એમ.એડ. (આર.જી.ટી પોરબંદર) અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટેની પ્રક્રિયા ૨૮ ઓગસ્ટ ૨૦૨૦થી શરૂ થઈ રહી છે. આઈથ્રીટી પ્રવેશ પરીક્ષા પાસ કરી ચૂકેલા અને મેરીટ યાદીમાં સ્થાન ધરાવતા ઉમેદવારોએ તેમણે પસંદ કરેલ પ્રવેશ કેન્દ્રો પર જઈને પોતાની પસંદગીની કોલેજમાં પ્રવેશ મેળવવા માટેની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'આઈઆઈટીઈએ પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોની અનુકૂળતાને પ્રાધાન્ય આપી સમગ્ર રાજ્યમાં ૩૫ પ્રવેશ કેન્દ્રો નિર્ધારિત કર્યા છે. ઉમેદવારો આ કેન્દ્રો પર જઈ મેરીટના આધારે પોતાની પસંદગી મુજબની બી.એડ. કોલેજોના વિકલ્પોમાંથી કોઈ એક કોલેજમાં પોતાનો પ્રવેશ સુનિશ્ચિત કરી શકશે.'

પ્રવેશ પ્રક્રિયાનું વિષયવાર સમયપત્રક આ સાથે મુકેલ છે તથા આઈઆઈટીઈની વેબસાઈટ અને સોશિયલ મીડિયા હેન્ડલ પર મૂકવામાં આવ્યું છે. પ્રવેશ પ્રક્રિયાની વધુ માહિતી માટે વિદ્યાર્થીઓએ આઈઆઈટીઈની વેબસાઈટ www.iite.ac.in ની મુલાકાત લેતા રહેવા જણાવાયું છે.



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સોમનાથ મંદિર સેકટર-૧૬ ખાતે પાંચ દિવસીય ઈકો ફ્રેન્ડલી માટીના ગણેશજીની સ્થાપના કરાઈ હતી. પાંચ દિવસ પૂજા અર્ચન કરી ગુરુવારના રોજ મંદિરના પટાંગણમાં જ સોશિયલ ડિસ્ટન્સીંગ અને કોરોના ગાઈડલાઈનને અનુસરી ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## માસ્ક વિના ફરતા ૨૭ નાગરીકો પોલીસની ઝપટે

ગાંધીનગર, તા.૨૭

દેશમાં અને ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ સાથે કોરોના મ્હાત આપનારા નાગરીકોની સંખ્યા પણ વધી રહી છે. કોરોનાનું સંક્રમણ ઘટે તે માટે માસ્ક પહેરવુ અનિવાર્ય છે. કોરનાના કેસ ઘટે તે માટે તંત્ર સતત કામ કરી રહ્યું છે. કોરાના અંગે નાગરીકોમાં જાગૃતી આવતા માસ્ક પહેરીને જ ઘરની બહાર નીકળે છે છતાં કેટલાક નાગરીકો માસ્ક વિના પણ ફરતા નજરે પડે છે. માસ્ક વિના જાહેર સ્થળો ફરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. માસ્ક નહી પહેરનાર નાગરીકો પાસેથી રૂ.૧ હજાર દંડનીય જોગવાઈ છે. ત્યારે ગાંધીનગર ડિવીઝનમાં તા. ૨૫ ના રોજ ૨૭ નાગરીકો માસ્ક વિના દંડાયા હતા અને તંત્ર એ ૨૭ હજાર ની દંડનીય વસુલાત કરી હતી. જેમાં સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી સૌથી વધુ ૧૧ નાગરીકો માસ્ક વિના દંડાયા હતા, જયારે ઈન્ફોસીટી વિસ્તારમાંથી એક પણ વ્યકિત માસ્ક વિના જોવા મળ્યો નથી. જયારે ચિલોડા વિસ્તારમાંથી ૫ નાગરીકો માસ્ક વિના દેખાતા તેમની પાસેથી પાંચ હજાર રૂપીયાનો દંડની વસુલાત કરાઈ હતી.જયારે ડભોડા ખાતેથી ૪ નાગરીકો માસ્ક વિના પોલીસની ઝપટે ચડી ગયા હતા. સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાંથી એક, દહેગામમાંથી એક, મહિલા પોલીસ મથકની હદમાંથી એક, પેથાપુરમાંથી ૨, રખીયાલમાં ૨, મળીને કુલ-૨૭ નાગરીકો જાહેરમાં માસ્ક પહેર્યા વિના ફરતા નજરે પડ્યા હતા. પોલીસે માસ્ક વિના ફરતા નાગરીકો સામે કાયદેસરની કાર્યવાહી કરીને રૂ.૨૭ હજાર દંડનીય વસુલાત કરી હતી.

# હવે ઘ-માર્ગ પર વાવેલા લીમડાના છોડને નુકસાન પહોંચાડવાની ઘટના...!!



## શહેરમાં વાવેલા વૃક્ષોને નુકસાન પહોંચાડવાની વધતી ઘટનાઓથી પ્રકૃતિપ્રેમીઓમાં રોષ
## ટ્રી ગાર્ડથી ઉપરના ભાગે પ્રકૃતિપ્રેમીઓએ સ્વ ખર્ચે લગાડેલી ગ્રીન નેટની પણ ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં એક તરફ પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા સતત વૃક્ષારોપણના કાર્યક્રમો હાથ ધરીને પર્યાવરણના જતનમાં યોગદાન આપવા સાથે શહેરમાં છેલ્લાં કેટલાક વર્ષોમાં મોટી સંખ્યામાં કરાયેલ વૃક્ષોની કટૌતી સામે વધુ સંખ્યામાં વાવીને ઉછેરવાની દરકાર લઈ રહ્યા છે જેથી વિકાસના નામે ભોગ બનેલા વૃક્ષોની ભરપાઈ કરી શકાય. જો કે શહેરમાં એવા પણ તત્વો છે જેઓ વૃક્ષારોપણ કરેલા વૃક્ષોના રોપાઓને નુકસાન પહોંચાડી પોતાની પાશવી મનોવૃત્તિનો પરિચય આપી રહ્યા છે અને પ્રવૃત્તિ પ્રેમીઓની મહેનત પર પાણી ફેરવી રહ્યા છે. શહેરમાં અગાઉ બે વાર આવી ઘટના બની ચુકી છે અને ફરી હવે ઘ માર્ગ પર ઘ દોઢ પાસે ટ્રી ગાર્ડ સાથે વાવેતર કરવામાં આવેલા લીમડાંને તોડી સતત નુકસાન પહોંચાડવાની પ્રવૃત્તિ ધ્યાનમાં આવી છે જેના કારણે પ્રકૃતિ પ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

તાજેતરમાં ગાંધીનગરના કુડાસણ ખાતેની ઉમિયા પાર્ક સોસાયટીમાં કરાયેલા વૃક્ષારોપણને સોસાયટીના જ કેટલાક તત્વો દ્વારા ઉખાડી ફેંકવાની અને ત્યારબાદ સેકટર-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે એકવર્ષના જતનથી ઉછેરવામાં આવેલા વૃક્ષોને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ સર્જાઈ હતી જેના પગલે પ્રકૃતિ પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી હતી. હવે શહેરના મુખ્ય માર્ગ ઘ રોડ પર ઘ દોઢ પાસે ફુટપાથ પર ટ્રી ગાર્ડ સાથે વાવવામાં આવેલા લીમડાંના છોડ સ્થાનિક પ્રકૃતિપ્રેમીઓના પ્રયાસ અને જતનને કારણે સારા વિકસી રહ્યા હતા તેને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. છેલ્લા એક સપ્તાહમાં આ લીમડાંઓને ત્રણેક વાર નુકસાન પહોંચાડવાની ઘટના બનતાં આ વૃક્ષોનું નિઃસ્વાર્થ ભાવે જતન કરતા પ્રકૃતિપ્રેમીઓમાં નિરાશા સાથે રોષની લાગણી પ્રવૃત્તિ રહી છે. વળી આ વૃક્ષોના સંરક્ષણ માટે ટ્રી ગાર્ડથી ઉપરના ભાગે પ્રકૃતિપ્રેમીઓ દ્વારા સ્વ ખર્ચે લગાડવામાં આવેલી ગ્રીનનેટની પણ ઉઠાંતરી થવા પામી છે. જે આશ્ચર્યજનક છે. પહેલાં તો કોઈ મોર્નિંગ વોકર્સ દ્વારા દાતણ માટે લીમડા તોડવાનું અનુમાન બાંધવામાં આવ્યું હતું પરંતુ હવે તો ગ્રીન નેટની ચોરી સાથે જે રીતે લીમડાંની ડાળીઓ તોડીને ફૂટપાથ પર ફેંકવામાં આવી રહી છે તે જોતા આ પ્રકારનું કૃત્ય ઈરાદાપૂર્વક હોવાનું જણાઈ રહ્યું છે. સત્રે આવા અસામાજિક તત્વોને ઝડપી તેમની સામે કાર્યવાહી થાય અને વાવેલા વૃક્ષોની સુરક્ષા માટે પગલાં લેવાય તેવી પ્રકૃતિપ્રેમીઓમાં માંગ ઉઠવા પામી છે.




'કયા મૌસમ આયા હે...!!' આ ગીતની પંકિતઓ ગણગણવાનું આપોઆપ મન થઈ જાય તેવી સરસ મજાની મૌસમ ગાંધીનગરમાં મેઘમહેરના કારણે જામી છે. ભીની ભીની ઋતુમાં આમ પણ ચટાકેદાર વાનગીઓ દરેકને પસંદ હોય છે અને આ મસ્ત મૌસમની મજા લેવા નીકળેલા માટે તો રોડ સાઈડ મળતી મસાલેદાર મકાઈ ના ખાય તો વરસાદી ઋતુનો આનંદ અધૂરો રહી જાય છે. આજ કારણથી જયારે પણ વરસાદી વાતાવરણ જામે એટલે મુખ્ય માર્ગો પર મકાઈ વેચનારાઓની લાઈન લાગી જાય છે.

# કોરોનાકાળમાં ઈમ્યુનિટી વધારવા માટે લીંબુનો વધતો ઉપયોગ

ગાંધીનગર, તા.૨૭

કોરોનાની મહામારીએ તમામ નગરજનોની ટેવો-કુટેવોમાં સુધારો થઈ ગયો છે. પહેલા જેમ ખુલ્લા મને ઘરની બહાર નીકળાતું તેમ હવે ઘરની બહાર નીકળી શકાતું નથી. બે ગજની દૂરી રાખીને વાત કરવું એ ઘણા વિસ્તારમાં શકય પણ રહેતું નથી ત્યારે નગરજનો પોતાના સુધી કોરોના આવતો અટકે તે માટે વિવિધ ઘરગથ્થુ નુસખાઓ અપનાવે છે. આ ઉપરાંત ઈમ્યુનિટી વધારવા માટે પણ નગરજનો વિટામીન-સીની ટેબલેટ ઉપરાંત ઓછામાં ઓછું ૨ ટાઈમ લીંબુ પાણી પીવાનો આગ્રહ રાખી રહ્યા છે. જેને કારણે લીંબુના વેચાણમાં વધારો થયો છે. લીંબુનો નિયમિત ઉપયોગ શરીરની રોગ પ્રતિકારક



શકિત વધારે છે. લીંબુથી ગળાની ખારાશમાં પણ ફાયદો થાય છે. લીંબુના સેવનથી લોહી પ્યુરીફાય થાય છે. લીંબુ સાથે કાળા મરી, તુલીસના પાન નાંખીને પીવાથી પણ ગળામાં રાહત રહે છે. આ ઉપરાંત હળદર સાથે તુલસીનો રસ પી, નિલગીરીનો નાસ લેવો, સૂંઠ, ગોળ, અરડૂસી, મરી, અજમો, ફૂદીનો, તજ, લવીંગ પણ તમામ નગરજનો ગ્રહણ કરવાનો આગ્રહ રાખી રહ્યા છે. જેને કારણે આ તમામનું નગરમાં વેચાણ વધ્યું છે.

નગરના અનેક નગરજનોએ પોતપોતના ઘરમાં તુલસી, નિલગીરી, અરડૂસી જેવી ઔષધીનું પ્લાન્ટેશન કરવાનું શરૂ કર્યું છે. જેને કારણે ઘરની બહાર જઈને લેવા જવું ન પડે. આ ઉપરાંત અમુક તો ઓર્ગેનિક ફળ અને શાકના છોડ પણ ઉગાડી રહ્યા છે અને ઈમ્યુનીટી વધારવા માટે વિટામીન સીની ટેબલેટ કરતા લીંબુનો રસ પીવાનો વધુ આગ્રહ રાખી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. બળદેવભાઈ લાલજીભાઈ નાડીયા, ઉ.વ. ૫૭, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. મેનાબેન કાંતિલાલ મહેતા, ઉ.વ. ૭૫, હારીજ, જી. પાટણ
- સ્વ. રામી સુભદ્રાબેન ગોરધનભાઈ, ઉ.વ. ૮૮, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. પટેલ રાવજીભાઈ છગનભાઈ, ઉ.વ. ૮૬, પ્રાંતિયા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર બાબુજી તખાજી, ઉ.વ. ૫૮, સિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. હિરાલાલ લવજીભાઈ પરમાર, ઉ.વ. ૬૧, પેથાપુર, તા. ગાંધીનગર

# શહેરમાં રોગચાળો વકરે તે પહેલા વરસાદી પાણીનો નિકાલ કરાવો : વસાહત મહાસંઘ


## સ્ટોર્મ વોટર લાઈનોના અણઘડ કામથી પાણીના ભરાવાની સમસ્યા વધી : અયોગ્ય માટી પુરાણથી વાહનો ફસાવાની ઘટનાઓ : રોગચાળો વકરે તે પહેલા જંતુનાશક દવાનો છંટકાવ : રખડતાં ઢોરોની સમસ્યા નાથવા પણ માંગ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક દિવસોમાં ખૂબ સારો વરસાદ થવા પામ્યો છે જેના કારણે શહેરમાં એક તરફ આનંદની લાગણી પ્રસરવા પામી છે.જો કે બીજી તરફ શહેરના સેકટરોમાં ખુલ્લા પ્લોટોથી માંડીને કોમન પ્લોટ, જાહેર રસ્તાઓ વગેરે પર પાણીના ભરાવાની સમસ્યા સર્જાવા પામી છે આ કારણે વસાહતીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલવા માંગ કરવામાં આવી છે.

વસાહત મહાસંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો બે ફુટ જેટલી ઉંચી બનાવાઈ હોવાથી પાણીનો નિકાલ થતો નથી તેવી ફરિયાદ કરવામાં આવી છે. આ સાથે પાણીના ભરાવાને કારણે માખી-મચ્છર જેવા જીવાણુઓનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે જે રોગચાળાને નિમંત્રણ આપી શકે છે. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના નવીનીકરણ કાર્ય દરમિયાન કરાયેલ ખોદકામના પુરાણમાં પણ બેદરકારી દાખવવામાં આવી હોવાથી વરસાદી પાણીથી માટી બેસી જવાને કારણે વાહનચાલકોના વાહન ફસાઈ જવાના અને અકસ્માત સર્જાવાની સમસ્યા થઈ રહી છે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે. આ સાથે શહેરના જાહેર રસ્તાઓની નિયમિત સાફ સફાઈ થતી નહીં હોવાથી કચરાના ઢગ ખડકાયેલાં હોવાની રજૂઆત કરતા મહાસંઘે જણાવ્યું છે કે શહેરીજનો પર કોરોના મહામારી સાથે મેલેરિયા-ટાઈફોઈડ જેવી બિમારીઓનો ખતરો પણ તોળાઈ રહ્યો છે તેવું જણાવ્યું છે અને જંતુનાશક દવાના છંટકાવની માંગ કરી છે.

આ સાથે વસાહત મહાસંઘ દ્વારા શહેરમાં રખડતાં ઢોરની સમસ્યા વકરી હોવાથી અકસ્માતોનું જોખમ છે અને શહેરમાં કરદાતાઓ ટેક્ષ ભરતા હોવા છતાં પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત થતી નથી તેવી રાવ વ્યકત કરવામાં આવી છે. આ ઉપરાંત વસાહત મહાસંઘે કોર્પોરેટર્સ દ્વારા તેમની ગ્રાન્ટમાંથી જાહેર બગીચામાં બાંકડા, ખુરશીઓ, કબાટ-તજોરી વગેરેની સુવિધા પુરી પાડવામાં આવે અને ટ્રીગાર્ડ પુરા પાડવામાં આવે તે અંગે પણ માંગ કરવામાં આવી છે.



### સે-૧૬ના બેંકિંગ વિસ્તારમાં પાર્કિંગમાં વરસાદી પાણીનો ભરાવો

**શહેરના સેકટર-૧૬માં ઘ-૪ થી ઘ-૫ સુધીમાં કોમર્શિયલ વિસ્તારમાં ફુટપાથ સાથે સંલગ્ન પાર્કિંગ સ્પેસમાં વરસાદી પાણીનો ભરાવો થવા પામે છે જેના નિકાલની કોઈ વ્યવસ્થા ના હોવાથી ઘણા દિવસો સુધી ભરાઈ રહેતા પાણીમાં ડેન્ગ્યુ-મેલેરિયાના મચ્છરની ઉત્પત્તિ સહિત લીલ બાઝવાની અને ગંદકી વધવાની સમસ્યા સર્જાય છે. વળી, આ માર્ગે ડાયવર્ઝન આપેલ હોવાથી વાહનોની અવરજવર અને મોટા પ્રમાણમાં રોડ પર આડેધડ પાર્કિંગની સમસ્યા પણ વકરી છે. ખૂબ મોટા પ્રમાણમાં નાગરિકોની અવરજવર રહેતી હોવાથી આ વિસ્તારના પાર્કિંગની સાફ-સફાઈ થાય અને જંતુનાશક દવાનો નિયમિત છંટકાવ થાય તે જરુરી બન્યું છે નહીંતર રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે.**

